	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૩૦/૦૩/૨૦૨૨ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૫૭૦/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૯/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૨	૨	૧૩૪	૪૦૯	૪	૪૧૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૫	૨	૧૦૦૬૮૭	૧૦૯૫૮૭	૪	૧૦૯૫૯૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૨	૪,૫૭,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫	૫૦૦૦/-

પ્રોહીબિશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

પાલડી પોલીસ સ્ટેશન

રાજસ્થાન પરીવહન નિગમની જોધપુર ડેપોની એસ.ટી બસ નં.RJ 09 PA 4273 માં પરપ્રાંતિય વિદેશી દારૂની બોટલ નંગ- ૫૨, કિ.રૂ. ૧૯,૩૮૦/- મત્તાનો મુદામાલ પકડી પાડતી પાલડી પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૧ સાહેબશ્રી તથા નાયબ પો.કમિ.શ્રી ઝોન-૭ શ્રી પ્રેમસુખ ડેલુ સાહેબ નાઓ તરફથી પ્રોહી જુગાર શોધવા અંગેની ડ્રાઈવ ચાલતી હોય,જે અનુસંધાને મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી "એન" ડિવીઝન સાહેબ તથા પો.ઈન્સ.શ્રીમતી.રિદ્ધી દવે નાઓના સીધા માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ શ્રી કે.એસ.સિસોદીયા સાહેબનાઓ તથા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.તે દરમ્યાન અ.પો.કો.ધર્મેન્દ્રભાઈ મોહનભાઈ બ.નં-11844 તથા અ.પો.કો.જયમીનભાઈ મહેશભાઈ બ.નં-૬૭૩૫ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે પાલડી એન.આઈ.ડી પાસે મ્યુઝીયમ એ.એમ.ટી.એસ બસ સ્ટેન્ડ પાસે જાહેર રોડ ઉપર રાજસ્થાન પરીવહન નિગમની જોધપુર ડેપોની એસટી બસ નં-RJ 09 PA 4273 માં પરપ્રાંતિય વિદેશી દારૂની ભારતીય બનાવટનો વિદેશી દારૂનો ગેર કાયદેસર જથ્થો છે, જે બાતમી હકીકત આધારે સદર જગ્યાએ જઈ તપાસ કરતાં એક ઈસમ નામે ભવરસિંહ દયાલસિંહ શેખાવત નાનો મળી આવેલ જેના કબ્જાની ઉપરોક્ત નંબરની એસ.ટી બસ તપાસ કરતાં બસમાંથી કુલ્લે બોટલ નંગ- ૫૨, જેની કિ.રૂ.૧૯,૩૮૦/- ગણી શકાય તે તથા એક નોકીયા કંપનો ક્રિપેડ મો.ફોન કિ.રૂ.૩૦૦/- ગણી શકાય તે તથા ઉપરોક્ત એસ.ટી.બસની કિં.રૂ. 10,000,00/- ગણી શકાય તે, એમ કુલ્લે રૂપીયા 10,19,680/- મળી આવતા જેઓની વિરૂધ્ધમાં પાલડી પો.સ્ટે. ગુ.ર.ન. પાર્ટ.સી.11191016220183/2022 ધી પ્રોહી એક્ટ કલમ- ૬૫(એ)(ઈ), ૧૧૬(બી),૯૮(૨) મુજબનો ગુનો રજીસ્ટ્રર કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે, આ કામની આગળની તપાસ પો.સ.ઇ શ્રી એમ.આર.સિંધવ સાહેબ નાઓ કરે છે.તા.29/03/2022.

કામગીરી કરનાર ટીમ:-

(1) રિદ્ધિ દવે પો.ઈન્સ.શ્રી. પાલડી પો.સ્ટે.

(2) કે.એસ.સિસોદીયા પો.સ.ઈ. પાલડી પો.સ્ટે.

(3) અ.પો.કો. ધર્મેન્દ્રભાઇ મોહનભાઇ બ.નં-૧૧૮૪૪ પાલડી પો.સ્ટે..... બાતમી

(4) અ.પો.કો. જયમીન મહેશભાઇ મોહનભાઇ બ.નં-૬૭૩૫ પાલડી પો.સ્ટે..... બાતમી

(5) એ.એસ.આઇ પ્રકાશભાઇ ધુડાભાઇ બ.નં-5144 પાલડી પો.સ્ટે

(6) અ.હે.કો જગદીશસિંહ જશવંતસિંહ બ.નં-2641 પાલડી પો.સ્ટે



પાસા અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન

શરીર સંબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર પો.સ્ટે. વિસ્તારમાં મારામારીના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે મહેશ ઉર્ફે કટ્ટો સ/ઓ રાજુભાઈ જાતે પટણી(માનવાળા) ઉ.વ.૨૨ રહે.બ્લોક નં.૦૮/૧૭૨ એમ.એલ.એ.ક્વાર્ટસ, હોળી ચકલા પાસે, ચમનપુરા, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૨૦૦૪૧/૨૦૨૨ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૨૦૧૫૬ /૨૦૨૨ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧),૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૯૮/૨૦૨૨ તા.૨૯/૦૩/૨૦૨૨ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૨૯/૦૩/૨૦૨૨ ના કલાક ૨૨/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે મોકલી આપેલ છે.તા.૨૯/૦૩/૨૦૨૨

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ. વી.એ.હરકટ

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૭૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૯૭ લીટર દેશી દારૂ, ૬૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ બિયર ટીન અને ૧ બસ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૮૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૭૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૫૭૩/૨૦૨૨**

માધવપુરાઃ મોહનન શ્રીધરા મેનોન (ઉ.વ.૫૩) (રહે. ગોકુલ રેસીડન્સી વિઝોલ રોડ વટવા) એ તા.૨૯/૦૩/૨૦૨૨ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે તા.૦૯/૦૮/૨૦૧૯ થી તા.૧૦/૧૧/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી હરેશ હિરાલાલ આહુઝા (રહે. સમરથનગર પાસે હાંસોલ ઇન્દીરા બ્રિજ સર્કલ પાસે સરદારનગર) મોહનન મેનોનની કંપનીની અગાઉની ઓફિસ ૪૪૦/૪૪૮ સફલ-સુમેલ-૬, બિઝનેશ પાર્ક, ગુરુદ્વારા પાસે બી.આર.ટી.એસ પાસે,દુધેશ્વર રોડ વૈદિક એપરલ પ્રાઇવેટ લીમીટેડ ખાતેથી લેડીઝ કાપડનો માલ કિમત રૂપિયા ૪૬,૭૦,૮૮૪/- ખરીદ કરી તે પૈકી રૂપિયા ૫,૦૦,૦૦૦/- આપી બાકી નિકળતા રૂપિયા ૪૧,૭૦,૮૮૪/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ કલ્પક ત્રિલોકભાઇ શાહ (ઉ.વ.૫૪) (રહે. પુર્વી ટાવર સુભાષ ચોક મેમનગર) એ તા.૨૯/૦૩/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે તા.૨૯/૧૧/૨૦૨૧ સાંજના ૫/૦૦ થી રાતના કલાક ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન generalimsubspvtltd@gmail.com થી ઇમેલ કરનાર તથા એચ.ડી.એફ.સી.બેકના ખાતા નંબર ૫૦૧૦૦૪૦૧૭૧૦૧૫૩ ના ધારક બ્રીજ કિશોર કુમાર તેમજ ઇન્ડીસઇન્ડ બેંક ખાતા નંબર ૧૫૮૮૧૦૫૪૬૩૯૨ ના ધારક અજય નામની વ્યક્તિઓએ ભેગા મળી કલ્પક શાહની કંપનીના ઇન્ડીયન બેંક ખાતા માંથી નાણા ટ્રાન્સફર કરવા બાબતે કલ્પક શાહની કંપનીના નામે કંપનીના લેટરપેડમાં બેંક અટેસ્ટેશન લેટરમાંનુ લખાણ ચેનકેન પ્રકારે દુર કરી તેમાં એડીટીંગ કરી ખોટો દસ્તાવેજ બનાવી ઇન્ડીયન બેંકમાં ઇમેલથી મોકલી આપી કલ્પક શાહની કંપનીના ઇન્ડીયન બેંક તેમજ ઇન્ડીસઇન્ડ બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૧૧,૮૬,૨૦૦/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.બી.ખાંભલા ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૫૭૪/૨૦૨૨**

ચાંદખેડાઃ સંજોગબહેન વા/ઓ ઉમાકાન્ત પાન્ડે (ઉ.વ.૫૯) (રહે. સુકન રેસીડનસી-૧ સાકાર સ્કુલની બાજુમાં ન્યુ.સી.જી.રોડ ચાંદખેડા) તા.૨૮/૦૩/૨૦૨૨ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે ચાદખેડા ન્યુ.સી.જી.રોડ રોનક બંગ્લોઝના ગેટ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સંજોગબહેન પાન્ડેના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૮,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સંજોગબહેન પાન્ડેએ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૫૭૫/૨૦૨૨**

કૃષ્ણનગરઃ ભાનુભાઈ નાનજી પરમાર (ઉ.વ.૫૭) (રહે. વાશુદેવ ધનજીભાઈ ચાલી ભીલવાસ બેહરામપુરા) તા.૨૬/૦૩/૨૦૨૨ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે હીરાવાડી ચાર રસ્તા બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ સામે શ્રી રામ એસ્ટેટની બાજુમાં આવેલ એચ.ડી.એફ.સી.બેંકના એ.ટી.એમ.સેન્ટરમાં પૈસા ઉપાડવા માટે ગયા હતા ત્યારે એ.ટી.એમ.સેન્ટરમાં એક પુરૂષે ભાનુભાઈના એટીએમ કાર્ડનો પીન નંબર જાણી લઈ ચેનકેન પ્રકારે નજર ચુકવી ભાનુભાઈ પાસેથી બેંક ઓફ બરોડાના એ.ટી.એમ.કાર્ડની ચોરી કરી લીધી હતી. જે એ.ટી.એમ.કાર્ડથી ભાનુભાઈના ખાતામાંથી રૂપિયા ૧,૪૯,૧૨૩/- ચેનકેન પ્રકારે મેળવી લીધા હતા. આ અંગેની ફરીયાદ ભાનુભાઈ પરમારે તા.૨૯/૦૩/૨૦૨૨ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી હિતેશકુમાર જેસંગભાઈ ચલાવે છે.

વસ્ત્રાપુરઃ કાળાભાઇ ઘેમાભાઇ રબારી (રહે.ગામ-વડસર તા-કલોલ જીલ્લો-ગાંધીનગર) એ તા.૨૯/૦૩/૨૦૨૨ બપોરના ૧૨/૩૦ થી ૧/૩૦ વાગ્યા દરમ્યાન સિંધુભવન K 158 કોમ્પલેક્ષ સામે ક્રિષ્ણા ફાર્મની દિવાલની બાજુમા પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેઝ હતા. આ અંગેની ફરીયાદ કાળાભાઇ રબારીએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.ડી.મકવાણા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૫૭૬/૨૦૨૨**

મેઘાણીનગરઃ પુષ્પાબહેન હિરાભાઇ ડેંગડા (ઉ.વ.૧૭) (રહે.ઓમકારનગરની ચાલી લક્ષ્મીનગર પાસે છેલ્લા બસ સ્ટેન્ડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૩/૨૦૨૨ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.જાડેજા ચલાવે છે.

વેજલપુરઃ વેજલપુર ગોકુલધામ એપાર્ટમેન્ટ બ્લોક નં.ડી/૪૮ ખાતે માસીના ઘરે રહેતા શનિલ સ/ઓ રવિભાઈ સરકે (ઉ.વ.૩૫) (મુળ વતન. કાચા છાપરાં ચાંમુડાનગર એ.ઈ.સી ચાર રસ્તા નારાયણપુરા) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૩/૨૦૨૨ રાતના કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે વેજલપુર માસીના રહેણાંકની ગેલેરીના ચોથા માળથી પડતુ મુકતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન કલાક ૪/૫૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હે.કો.સિરાજુદ્દિન યુનુશભાઇ ચલાવે છે.

બાપુનગરઃ ઉર્મીલાબહેન ડાહ્યાભાઇ પટણી (ઉ.વ.૨૫) (રહે. કાંતીલાલ નારણદાસની ચાલી સોનેરીયા બ્લોક બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૩/૨૨ કલાક ૯/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ ઇ.મદદનીશ પોલીસ કમિશનર શ્રી “એચ” ડિવિઝન ચલાવે છે.

નારોલઃ રૂકસાનાબાનુ વા/ઓ નસિમખાન પઠાણ (ઉ.વ.૪૯) (રહે. સુફીયા રેસીડેન્સી ગ્રીનપાર્કની બાજુમા નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૩/૨૦૨૨ સવારના સમયે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતજી અળખાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.